# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

#AmritMahotsav

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અહી ક્લિક કરો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૦૬/૨૦૨૪**

**તા. ૧૯-૦૧-૨૦૨૪**

### પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન

| | હવામાન પરિબળો | 13-01-24 | 14-01-24 | 15-01-24 | 16-01-24 | 17-01-24 | 18-01-24 | 19-01-24 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 30 | 29.5 | 28.3 | 28.2 | 27.6 | 27.9 | 26.3 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 14.7 | 13.1 | 11.7 | 13.6 | 15.3 | 14.3 | 14.3 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 89 | 70 | 100 | 94 | 100 | 99 | 59 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 25 | 25 | 22 | 29 | 39 | 25 | 29 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 6.6 | 7.9 | 6.9 | 5.4 | 5.4 | 5.2 | 10.1 |
| ૭ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

### અમરેલી જીલ્લાની તા. 20/01/2023 થી 24/01/2024 ની હવામાન આગાહી:

| # | હવામાન પરિબળો | 20/01/2024 | 21/01/2024 | 22/01/2024 | 23/01/2024 | 24/01/2024 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | **મહત્તમ તાપમાન (°સે.)** | 30 | 31 | 31 | 31 | 31 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 14 | 14 | 14 | 14 | 14 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 37 | 36 | 33 | 33 | 31 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 20 | 17 | 17 | 18 | 16 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 15 | 14 | 15 | 16 | 16 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 56 | 32 | 45 | 27 | 22 |
| | | ઇશાન | ઉત્તર ઇશાન | ઇશાન | ઉત્તર ઇશાન | ઉત્તર ઇશાન |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 0 | 2 | 2 | 2 | 2 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

**હવામાન સારાંશ**

અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ઠંડુ, મધ્યમ ભેજવાળુ અને ચોખ્ખુ અથવા આંશિક વાદળછાયુ રહેવાની શક્યતા છે. મહત્તમ તાપમાન **૩૦-૩૧** °સે અને લઘુત્તમ તાપમાન **૧૪-૧૫** °સે જેટલું રહેવાની શક્યતા છે.

આગામી ૫ દિવસ દરમિયાન ઝાંકળની શક્યતા નહીવત્ત છે. વરસાદની કોઇ શક્યતા નથી.

મહત્તમ પવનની ગતિ આગામી ૫ દિવસ સામાન્ય, અંદાજીત **૧૪-૧૬** કિમી/કલાક સુધી ની રહેવાની શક્યતા છે. પવનની દિશા **ઉત્તર ઇશાન થી ઇશાન** રહેવાની શક્યતા છે.

**આગોતરું અનુમાન: તા ૨૫ થી ૨૯ જાન્યુઆરી** દરમિયાન **સૌરાષ્ટ્ર વિસ્તારમાં** હવામાન **ઠંડુ, મધ્યમ ભેજવાળું અને ચોખ્ખુ અથવા આંશિક વાદળછાયું** રહેવાની શક્યતા છે, મહત્તમ તાપમાન ૩૨-૩૪°સે અને લઘુતમ તાપમાન ૧૪-૧૮ °સે જેટલું રહેવાની શક્યતા છે. । દરમિયાન ઠંડી ના પ્રમાણમાં ઘટાડો થવાની શક્યતા, તેમજ વરસાદની કોઇ શક્યતા નથી.

| | |
|---|---|
| **સામાન્ય કૃષિ સલાહ** | → શિયાળુ પાકોમાં કટોકટીની અવસ્થાએ પિયત આપવું.<br>→ ઉનાળુ પાકો માટે જમીનની તૈયારી અને બિયારણની પસંદગી કરવી. પ્રમાણિત અને રોગ પ્રતિકારકતા ધરાવતી જાતનું બીજ વાપરવું.<br>→ રસાયણિક ખાતરોના બદલે ગાય આધારિત અથવા જૈવિક ખાતરોનો ઉપયોગ કરવો, અથવા જમીન ચકાસણી કરાવ્યા બાદ જ વિવેક પૂર્વક રસાયણિક ખાતરોની ઉપયોગ કરવો.<br>→ વહેલું વાવેતર કરેલા ચણાની કાપણી માટેનું આયોજન કરવું.<br>→ દેશી ગાયોનું સિદ્ધ થયેલ આખલા થકી બીજદાન-પ્રજનન કરાવવું (અપગ્રેડેશન). |
| **SMS** | → ઉનાળુ શાકભાજી ધરું ઉછેર માટે ક્યારા, ઉનાળુ પાકો માટે જમીનની તૈયારી અને બિયારણની પસંદગી કરવી. |

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| **તલ (ઉનાળુ)** | જમીનની તૈયારી અને જાતની પસંદગી | વાવેતર સમય | • ઉનાળુ તલનું વાવેતર ફેબ્રુઆરી માસના પ્રથમ પખવાડીયામાં કરવું જ્યારે લઘુતમ તાપમાન ૨૦ °સે. ઉપર અને ગુરૂત્તમ તાપમાન ૩૦ °સેતે સમયે .હોય છે . ઠંડીનું પ્રમાણ પણ ઓછું હોય છે અને વરસાદ આવવાની શકયતાઓ પણ ઓછી હોય છે. |
| | | જમીનની તૈયારી | • ઉનાળુ તલ માટે જમીન તૈયાર કરતી વખતે પ્રતિ હેકટર ૧૦ ટન છાણિયુ ખાતર જમીનમાં ભેળવી દેવું |
| | | જાતો | • ઉનાળુ વાવેતર માટે ગુજરાત તલ-૩ અને ૫ જાત પ્રથમ પસંદ કરવી. |
| **તરબૂચ** | વાવણી | વાવેતર સમય | • જાન્યુઆરીના બીજા અઠવાડિયાથી માંડીને માર્ચની આખર સુધીમાં કરી શકાય. |
| | | બિયારણનો દર અને વાવણી અંતર | • જમીનની પ્રત અને તેની ફળદ્રુપતાને ધ્યાને રાખીને તરબૂચનું ૨ મીટર × ૧ મીટરના અંતરે વાવેતર કરવું અથવા જોડિયા હાર પદ્ધતિથી ૧ મીટર × ૦૬. મીટર × ૩ ૪ મીટરના અંતરે. દરેક હારમાં બે છોડ વચ્ચે)૧ મીટર, બે હાર વચ્ચે ૩ (૪ મીટર અંતરે.વાવણી કરવી. ટૂંકા અંતરે વાવેતર કરેલ પાકમાં ફળો કદમાં નાના રહે છે. વાવણીનું અંતર અને બીજના કદને ધ્યાનમાં લેતા ૨૫. થી ૩.૦ કિ.ગ્રાબીજ એક હેકટરના વાવેતર માટે જરૂરી . છે બીજને વાવણી . કરતાં પહેલાંફૂગનાશક દવાની બીજ માવજત આપવીહાઇબ્રિડ જાતનું વાવેતર કરવું .. |
| **મગ (ઉનાળુ)** | જમીનની તૈયારી અને જાતની પસંદગી | જમીનની તૈયારી | • ઉનાળુ મગનું વાવેતર ૧૫ ફેબ્રુઆરી થી ૧૫ માર્ચ સુધીના સમયગાળા દરમ્યાન કરવાથી વધુ ઉત્પાદન મળે છે. |
| **બાજરો (ઉનાળુ)** | જમીનની તૈયારી અને જાતની પસંદગી | વાવણીનો સમય | • ફેબ્રુઆરીના પહેલા કે બીજા અઠવાડીયા દરમિયાન કરી દેવું જોઇએ. |
| | | જમીનની તૈયારી | • જમીન તૈયાર કરતી વખતે હેકટરે ૧૦ ટન સારી રીતે કોહવાયેલા છાણિયા ખાતરને પ્રાથમિક ખેડ કરતા પહેલા નાખવું ત્યાર પછી હળ કે કરબ વડે સારી રીતે જમીનમાં ભેળવી દેવું. |
| | | જાતની પસંદગી | • (૫૨૬-જીએચબી) ૫૨૬-ગુજરાત હાઇબ્રિડ બાજરી (૧)<br>• (૫૫૮-જીએચબી) ૫૫૮-ગુજરાત હાઇબ્રિડ બાજરી (૨)<br>• (૫૩૮-જીએચબી) ૫૩૮-ગુજરાત હાઇબ્રિડ બાજરી (૩) |
| **આંબો** | મગ/જુવાર કદના ફળ | ફળનું ખરણ | • ફળો મગ/જુવારના કદના થાય ત્યારે ૧૦૦ લિટર પાણીમાં ૨ ગ્રામ નેફ્થેલીક એસીટીક એસિડ (૨૦ પીપીએમ) અને એક કિલો યુરિયાનો છંટકાવ કરવો. |

| | | | |
|---|---|---|---|
| | | ભેજ જાળવણી | • ઝાડ ઉપર કેરી હોય ત્યારે ખુલ્લી જમીનનો તડકો ન લાગે તે માટે કંઇ આચ્છાદન કરવું અથવા મગ/ગુવાર/શણ ઉગાડી આંબાવાડીયામાં ભેજ જાળવવો. |
| | વટાણા કદના ફળ | પિયત | • આંબામાં વટાણા જેવડી કેરી થાય ત્યારે ૧૫ દિવસના અંતરે ખામણાં ભરી પિયત આપવાથી કેરીની સંખ્યામાં વધારો થાય છે કેરીના ફળની વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે અને કેરીઓ ખરી પડતી અટકે છે. |
| | | ફળનું ખરણ | • ફળનું કદ વટાણા જેવડું થાય ત્યારેએક ગ્રામ જીબ્રેલિક એસિડ ૧૦૦ લિટર પાણીમાં (૧૦ પીપીએમ) (પ્રથમ એસીટોન અથવા આલ્કોહોલ અથવા સોડિયમ હાઈડ્રોકસાઈડ ૫૦ મિ.લિ. લઈ તેમાં જીબ્રેલિક એસિડ ઓગાળી ૧૦૦ લિટર પાણીમાં ભેળવવું.) તથા એક કિલો યુરિયા મેળવીને છંટકાવ કરવો. જીબ્રેલિક એસિડના છંટકાવ બાદ હળવું પાણી આપી છોડ દીઠ ૫૦૦ ગ્રામ ૧૨ ૩૨ ૧૬ એનપીકે ખાતર તથા ૨ કિલો દિવેલી ખોળ આપી પિયત આપવું. |
| **લીંબુ** | ફળ અવસ્થા | બળિયા ટપકા  | • બળિયા ટપકા ના નિયંત્રણ માટે નવેમ્બરડિસેમ્બર-, ફેબ્રુઆરીમાર્ચ-, જુન અને જુલાઈ-૧૦ ઓગસ્ટ માં એમ કુલ ચાર વખત:૦૫ ના પ્રમાણ વાળુ બોર્ડો મિશ્રણ અથવા ૧૦૦:તાંબા યુક્ત દવાનો છંટકાવ કરવો. |
| **બોર** | પિયત | ફળ અવસ્થા | • બોરડીને વર્ષમાં ૩૦ દિવસના ગાળે કુલ ચાર પિયત આપવા, છેલ્લું પિયત જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં આપવું. |
| **મગફળી (ઉનાળુ)** | જમીનની તૈયારી અને જાતની પસંદગી | જમીનની તૈયારી | • ઉનાળુ મગફળી ૨૩ થી ૨૫ °સે. ઉષ્ણતામાનમાં સારી રીતે ઉગી શકે છે જેથી જાન્યુઆરી માસમાં ઠંડી ઓછી થાય કે તરત જ મગફળીનું વાવેતર કરી દેવું જોઇએ. ઉનાળામાં વહેલી પાકતી ઊભડી જાતોને વાવેતર માટે પસંદ કરવી જેથી કાપણી અને ખળાની કામગીરી ચોમાસુ વરસાદ થાય તે પહેલાં પૂર્ણ થઈ શકે. ઉનાળુ મગફળીનું વાવેતર કરવા માટે ઊભડી અને વહેલી પાકતી જી.જી.-૨, જી.જી.-૫, જી.જી.-૬, ટીએજી-૨૪, ટી.જી.-૨૬, ટીપીજી-૪૧, ટીજી-૩૭એ, આઈસીજીએસ-૩૭ અને આઈસીજીએસ-૪૪ માંથી કોઈપણ એક જાતની પસંદગી કરવી. બિયારણ સારી જનીનિક ગુણવત્તા ધરાવતું, સારી સ્ફુરણશક્તિવાળુ અને અન્ય જાતોની ભેળસેળ વગરનું ખાત્રીલાયક હોવું જરૂરી છે. શક્ય હોય તો પ્રમાણિત બીજનો ઉપયોગ કરવો. |
| | | **વાવણી અંતર અને બિયારણનો દર** | • વાવેતર અંતર ૩૦ :x ૧૦ સેમી<br>• બિયારણનો દર૧૨૦ : કિગ્રાહેક્ટર/ |
| | | **બીજ માવજત** | • રસાયણિક :જમીન અને બીજ અન્ય રોગો જેવા કે બીજનો સડો તથા ઉગસુકનો રોગ સામે રક્ષણ મેળવવા માટે ટેબ્યુકોનાઝોલ અથવા થાયરમ દવા ૩ ગ્રામ કિલો બીજ/પ્રમાણે પટ આપી વાવણી કરવી .<br>• જૈવિક ગ્રામ પ્રતિ કિલોગ્રામ બિયારણ સાથે ૧૦ ફૂગ નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા :રાઈઝોબિયમ અને ફોસ્ફેટ કલ્ચરનો પટ આપી વાવેતર કરવું. |
| | | **ખાતર** | • જમીનનો નમૂનો જમીન ચકાસણી પ્રયોગશાળામાં ચકાસણી કરાવી ભલામણ મુજબ ખાતરો આપવા .<br>• હેક્ટર દીઠ ૮ થી ૧૦ ટન સારુ છાણીયુ ખાતર અથવા ૧ ટન દિવેલીનો ખોળ આપ્યા પછી રાસાયણિક ખાતર પાયામાં એક જ વખત આપવું .<br>• જો જમીનમાં ગંધક તત્વની ઉણપ જણાય તો હેકટર દીઠ ૨૦ કિ .ગંધક આપવો .ગ્રા.<br>• ઉનાળુ મગફળીમાં હેકટર દીઠ ૨૫ કિ ગ્રા ફોસ્ફરસ.કિ ૫૦ નાઈટ્રોજન અને .ગ્રા.ચાસમાં ઓરીને આપવો . |
| **રાઈ/ રાયડો** | શીંગોનો વિકાસ | રાઈની માખી |   • ઉપદ્રવની શરૂઆતમાં ઇયળોને હાથથી વીણી લઇ કેરોસીનવાળા પાણીમાં નાખી નાશ કરવો<br>• લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ (૧ ઇસી) થી ૪૦ (૦.૧૫ ઇસી) મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. તેમ છતાં ઉપદ્રવ કાબૂમાં ન |

| | | | |
|---|---|---|---|
| | | | આવે તો ડાયમિથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા ક્વિનાલફોસ ૨૫ ઇસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો |
| | | સફેદ ગેરુ |  • રોગની શરૂઆત થાય કે તરત જ મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ અથવા મેટાલેક્ષીલ એમઝેડ ૭૨ વેપા ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા. |
| | | ભૂકીછારો |  • આ રોગને અસરકારક રીતે કાબૂમાં લેવા વેટેબલ સલ્ફર ૮૦ વેપા ૨૫ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૫ ઇસી ૫ મિ.લી. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઓગાળી પ્રથમ છંટકાવ રોગની શરૂઆત થયેથી કરવો અને રોગની તીવ્રતા મુજબ બીજા એક કે બે છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા. |
| **ચણા** | **પોપટા અને દાણા ભરવા** | લીલી ઇયળ | • ચણાનાં પાકમાં લીલી ઇયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે એચ.એન.પી.વી. ૨x૧૦૯ પી.ઓ.બી./ મીલી (૫ મીલી/૧૦ લીટર પાણીમાં) અને કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી. (૨ મીલી/૧૦ લીટર પાણીમાં) નાં વારા ફરતી છંટકાવ કરવાની ભલામણ છે પ્રથમ છંટકાવ ૫૦ ટકા ફૂલ અવસ્થાએ અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવ બાદ ૧૫ દિવસે કરવો. કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૫ એસ.સી. દવાનો છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૧૧ દિવસનો જાળવવો.<br>• સજીવ ખેતી કરતા ખેડૂતોએ બ્યુવેરીયા બેસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ પ્રતિ પમ્પ સાથે HaNPV ૨x૧૦૯ પી.ઓ.બી./ મીલી (૭ મીલી/પંપ) છંટકાવ કરી શકે છે. |
| | | સુકારો અને મૂળનો કોહવારો |  • કાર્બેન્ડાઝીમ ૫૦ વે.પા. ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણી પ્રમાણે દ્રાવણ બનાવી રોગની અસર પામેલા છોડની ફરતે જમીનમાં આપવાથી રોગની તીવ્રતા ઘટાડી શકાય છે. |
| | | સ્ટંટ વાઈરસ |  રોગ મોલોમશી મારફતે ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે શોષકપ્રકારની કીટનાશક જેવી કે મિથાઇલ-ઓડીમેટોન ૧૨ મિ.લિ. અથવા ડાયમીથોએટ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરિયાત મુજબ છંટકાવ કરવો |
| **ઘઉં** | ફૂટ અવસ્થા/ મુકુટ તંતુ મૂળ અવસ્થા | સુકારો અને ગેરુ |  • રોગની શરૂઆતમાં મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા. |
| | | ઉધઈ | • ઘઉંના ઊભા પાકમાં ઉધઈનો ઉપદ્રવ શરૂ થતો જણાય તો તુરત જ એક હેક્ટર પાકના વિસ્તાર માટે ફીપ્રોનિલ ૫ એસસી ૧.૬ લિટર અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી ૧.૫ લિટર ૧૦૦ કિ.ગ્રા. રેતી સાથે બરાબર ભેળવી માવજત આપેલ રેતી ઘઉંના ઊભા પાકમાં પૂંખવી અને ત્યારબાદ પાકને હળવું પિયત આપવું અથવા આ કીટનાશકનો જથ્થો પાણીના ઢાળીયા ઉપર લાકડાની ઘોડી મૂકી તેમાં જે તે કીટનાશકનો ડબ્બો ગોઠવી ટીપે ટીપે એક હેક્ટર વિસ્તારમાં પ્રસરે તે રીતે આપવી. |
| **ધાણા** | ફૂલ / વૃદ્ધિ અવસ્થા | નિંદામણ અને આંતરખેડ | • નીંદામણના ઉપદ્રવને ધ્યાનમાં રાખીને ૨-૩ આંતરખેડ અને બે હાથ નીંદામણ જરૂરિયાત રહે છે. જ્યાં મજૂરની અછત અને નીંદામણ વધારે હોય ત્યારે વાવણી બાદ તુરત જ નીંદણનાશક દવાઓ જેવી કે પેન્ડીમીથેલીન ૧.૦ કિ.ગ્રા. સક્રિય તત્વ અથવા ફ્લ્યુક્લોરાલીન ૦.૯ કિ.ગ્રા. |

| | | | |
|---|---|---|---|
| | | | સક્રિય તત્વ પ્રતિ હેક્ટર પ્રમાણે વાવણી પહેલાં છંટકાવ કરી પિયત આપવું અથવા વાવણી બાદ પિયત આપી, બે દિવસ બાદ છંટકાવ કરવો. |
| | | ભૂકીછારો | • ભુકીછારાના નિયંત્રણ માટે વેટેબલ સલ્ફર ૮૦ વેપા ૨૫ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૫ ઇસી ૫ મિ.લી. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ |
| **જીરું** | ફૂલ / વૃદ્ધિ અવસ્થા | પિયત | • જીરૂના પાકમાં પ્રથમ પિયત વાવણી બાદ તૂરત જ આપવું.<br>• જીરૂનો ઉગાવો ૧૧ થી ૧૨ દિવસે થતો હોવાથી સારા ઉગાવા માટે બીજુ પિયત જમીનની પ્રત પ્રમાણે ૮ થી ૧૦ દિવસે સમયસર આપવું.<br>• ત્રીજુ પિયત નીંદામણ કર્યા બાદ ૩૦ દિવસે આપવું અને ચોથું પિયત ૫૦ દિવસે આપવું. |
| | | નિંદામણ અને આંતરખેડ | • જીરૂના પાકમાં જીરાળો નીંદામણ મોટાભાગે જોવા મળે છે. જીરાળાના નિયંત્રણ માટે વાવણી બાદ ૨૫ થી ૩૦ દિવસે અને ૫૦ થી ૬૦ દિવસે હાથથી નીંદામણ કરી નીંદણમુક્ત રાખી શકાશે.<br>• જીરૂને ઘણીવાર પૂંખીને વાવેતર કરવામાં આવે છે તેથી તેમાં રાસાયણિક પદ્ધતિથી નીંદણ નિયંત્રણ કરવું આવશ્યક બને છે. આ પદ્ધતિમાં પેન્ડીમિથેલીન ૧.૦ કિ.ગ્રા. સક્રિય તત્વ હેકટરે ૫૦૦ થી ૬૦૦ લિટર પાણીમાં ઓગાળી વાવણી પછી પ્રથમ પિયત બાદ જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે પાકના ઉગાવા પહેલા એકસરખી રીતે જમીન પર છંટકાવ કરવો. |
| | | થ્રીપ્સ | • જીરુમાં થ્રીપ્સના જૈવિક નિયંત્રણ માટે બ્યુવેરીયા બેસીયાના ૧.૧૫ વેપા ૬૦ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી જીવાત દેખાય ત્યારે અને તેના ૧૦ દિવસ બાદ એમ બે છંટકાવ કરવા. |
| | | ભૂકીછારો | • ભૂકીછારા રોગના નિયંત્રણ માટે વહેલી સવારે ૩૦૦ મૈશનો ગંધક પાવડર હેક્ટરે ૧૫ થી ૨૦ કી.ગ્રા.અથવા પ્રોપીકોનેઝોલ અથવા હૈક્ઝાકોનેઝોલ ૧૦ મી.લી દવા ૧૦લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | | કાળીયો/ ચરમી | • જીરૂમાં ચરમી રોગના નિયંત્રણ માટે પાક ૩૦ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૭૫% વેટેબલ પાવડર ૨૫ ગ્રામ અથવા એઝોક્સીસ્ટ્રોબીન ૨૩ એસસી ૧૦ મિ.લી. અથવા પ્રોપીનેબ ૭૦ વે.પા.૧૫ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઇસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી જરુયાત મુજબ છંટકાવ કરવો. |
| **લસણ** | વૃદ્ધિ | પિયત | • જરૂરિયાત મુજબ પિયત આપવું. લસણમાં પાનનો પીળિયો રોગ આવે નહિ તે માટે વધુ પડતું પિયત આપવું નહિ. |
| | | થ્રીપ્સ | • લસણમાં થ્રીપ્સના જૈવિક નિયંત્રણ માટે બ્યુવેરીયા બેસીયાના ૧.૧૫ વેપા (લઘુત્તમ સીએફયું ૨ x ૧૦^૬ પ્રતિ ગ્રામ) ૧૦ લીટર પાણીમાં ૩૦ ગ્રામ મિશ્ર કરી પ્રથમ છંટકાવ જીવાતનું નુકસાન દેખાય ત્યારે, બીજો છંટકાવ ૬૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં પ્રથમ છંટકાવના ૧૦ દિવસ બાદ અને ત્રીજો છંટકાવ ૮૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં બીજા છંટકાવના ૧૦ દિવસ બાદ કરવો. |
| **ડુંગળી (શિયાળુ)** | ફળનો વિકાસ | રીંગ વળી જવી અને જાંબલી ધાબાનો રોગ | • ડુંગળીમાં જાંબલી ધાબા, કોલેટોટ્રાયકમ અને ફ્યુઝેરીયમ ફૂગનો રોગ લાગે નહિ તે માટે પ્રોપીકોનાઝોલ, મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પમ્પમાં વારાફરતી કોઇપણ એક દવા નાખીને ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા.<br>• સફેદ કાંજી ડુંગળીના વાવેતર સમયે કાર્બેન્ડાઝીમ દવા ૨ થી ૩ ગ્રામ પ્રતિ કિલો મુજબ પટ આપીને પછી વાવેતર કરવું.<br>• શિયાળુ ડુંગળીનો રોપ ગાદી ક્યારા બનાવી તૈયાર કરવો. |
| **શાકભાજી (રીંગણ/ટમેટા)** | ફળનો વિકાસ | સફેદ માખી | • રીંગણી અને ટામેટીમાં સફેદ માખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ડાયફેન્થાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઇસી ૨૫ મિ.લી. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | ડુંખ અને ફળ કોરી ખાનાર ઇયળ | • ફળ અને ડોકાની ઇયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |

| | | |
|---|---|---|
| | પાન કથીરી | • રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો ઇથીઓન ૫૦ ટકા ઇસી ૧૫ મિલી અથવા પ્રોપરગાઇટ ૫૭ ઇ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | કોકડવા |  • રોગનો ફેલાવો સફેદમાખીથી થતો હોઇ તેના નિયંત્રણ માટે મરચીના પાકમાં ફેનપ્રોપેથ્રીન ૩૦ ઇસી ૩.૪ મિ.લિ. અથવા પાયરીપ્રોક્ષીફેન ૧૦ ઇસી ૧૬.૬૭ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી તેમજ ટામેટીના પાકમાં સાયાન્ટ્રાનિલિપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૮ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૨.૫ મિ.લિ. અથવા થાયામેથોકઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ અથવા ઇમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | લઘુપર્ણ | • રોગ તડતડીયાંથી ફેલાતો હોવાથી રોપણી પછી ૧૦ થી ૧૫ દિવસે કાર્બોફ્યૂરાન ૩ જી ૧ કિ.ગ્રા. સ.તત્વ/હે. પ્રમાણે છોડની ફરતે રીંગ પદ્ધતિથી આપવું અને ૧૦ થી ૧૨ દિવસના અંતરે ડાયમીથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા થાયોમેથોકઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળીને વારાફરતી જરૂર પ્રમાણે છંટકાવ કરવો. |
| **પશુપાલન**  | | • મકાઈની ઘાસચારા માટે વાવણી કરવી.<br>• દેશી ગાયોનું સિદ્ધ થયેલ આખલા થકી બીજદાન-પ્રજનન કરાવવું (અપગ્રેડેશન)<br>• પ્રજીવથી થતા રોગોની ચકાસણી કરાવવી. ઇતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટ્રાઝ ૨ મી.લી. ૧ લીટર પાણીમાં નાખીને છાંટવી.<br>• પશુને ૬ થી ૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ મુજબ નિયમિત ૧ કી.ગ્રા. ફીડ  ૫૦ ગ્રામ ખનીજ તત્વોનું મિશ્રણ આપવું. |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

# District Agrometeorological Unit (DAMU)
## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122


Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

**#AmritMahotsav**

**Join our Telegram channel and block wise WhatsApp groups**

## Amreli District Agromet Advisory Service bulletin. No. 006(2024)
## Date:19-01-2024

### Significant weather of past week, Amreli

| | Parameter | 13-01-24 | 14-01-24 | 15-01-24 | 16-01-24 | 17-01-24 | 18-01-24 | 19-01-24 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 30 | 29.5 | 28.3 | 28.2 | 27.6 | 27.9 | 26.3 |
| 3 | Min.Temp.(°C) | 14.7 | 13.1 | 11.7 | 13.6 | 15.3 | 14.3 | 14.3 |
| 4 | RH-I (%) | 89 | 70 | 100 | 94 | 100 | 99 | 59 |
| 5 | RH-II (%) | 25 | 25 | 22 | 29 | 39 | 25 | 29 |
| 6 | Wind Speed (kmph) | 6.6 | 7.9 | 6.9 | 5.4 | 5.4 | 5.2 | 10.1 |
| 7 | Total CC (octa) out of 8 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

**Weather Forecast from 20/01/2024 to 24/01/2024**

| # | Parameter | 20/01/2024 | 21/01/2024 | 22/01/2024 | 23/01/2024 | 24/01/2024 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 30 | 31 | 31 | 31 | 31 |
| 3 | Min.Temp.(°C) | 14 | 14 | 14 | 14 | 14 |
| 4 | RH-I (%) | 37 | 36 | 33 | 33 | 31 |
| 5 | RH-II (%) | 20 | 17 | 17 | 18 | 16 |
| 6 | Wind Speed (kmph) | 15 | 14 | 15 | 16 | 16 |
| 7 | Wind Direction(deg.) | 56 | 32 | 45 | 27 | 22 |
| | | NE | NNE | NE | NNE | NNE |
| 8 | Total CC (octa) out of 8 | 0 | 2 | 2 | 2 | 2 |

**Note: Above forecast is the average situation of whole district**

### Agro-Advisory


**Weather Summery**

- The weather in Amreli District likely cool, moderate humid and clear sky or partly cloudy in next 5 days.
- The maximum temperature is likely to be 30-31 °C. The minimum temperature is likely to be 14-15° C in next five days.

- **No probability of fog and dew in next five days, As well as no probability of rainfall.**
- Wind direction likely from NNE-NE Wind speed 14-16 km/h.
  - **Extended Range weather forecast:** The weather of Saurashtra region likely cool, moderate humid and partly cloudy from 25 to 29 January 2024. No probability of rainfall over the region. Maximum temperature likely 32-34 °C and minimum temperature likely 14-18 °C in subsequent week.

| | |
|---|---|
| **General Advisory** | → Apply irrigation at critical stages of summer crops.<br>→ Prepare the field and select the seed material for summer crops<br>→ Use organic and cow-based manure instead of chemical fertilizers, or use chemical fertilizers based on soil testing report.<br>→ Do harvesting of early sown chickpea<br>→ Indigenous cow should be bred with proven bulls |
| **SMS Advisory:** | → Do bed preparation of summer vegetable crops, and land preparation for the summer crops. |

| **Crops** | Crop Stage | **Practices** | **Advisory** |
|---|---|---|---|
| **Sesame (Summer)** | Field Preparation and Variety Selection | Sowing | • Sowing to be done in 1st fortnight of February, when minimum temperature is greater than 20 °C and Maximum temperature is greater than 30 °C. |
| | | Land Preparation | • Apply FYM @ 10 t/ha |
| | | Varieties | • GT-3 and GT-5 |
| **Watermelone** | Sowing | Sowing time | • 2nd Week of January to Last week of March |
| | | Spacing and Seed rate | • Planting of watermelon at a distance of 2 m × 1 m depending on the soil texture and its fertility or by twin-row method at a distance of 1 m × 0.6 m × 3.4 m (1 m between two plants in each row, 3.4 m between two rows) to sow. Fruits remain small size in short distance planted crop. Considering the sowing distance and seed size, 2.5 to 3.0 kg Seeds are required for sowing one hectare. Seed treatment with fungicide before sowing Planting of hybrid. |
| **Green gram** | Field Preparation and Variety Selection | Sowing time | • February 15th to March 15th |
| **Pearl Millet** | Field Preparation | Sowing time | • 1$^{st}$ or 2$^{nd}$ Week of |

| | | | |
|---|---|---|---|
| | and Variety Selection | Land preparation | • While preparing the land, apply 10 tonnes of well-decomposed FYM per hectare before primary ploughing, then mix it well with a plough or hoe. |
| | | Selection of varieties | • (1) Gujarat Hybrid Bajri-526 (GHB-526)<br>• (2) Gujarat Hybrid Millet-558 (GHB-558)<br>• (3) Gujarat Hybrid Millet-538 (GHB-538) |
| **Mango** | Pea sized fruit | Fruit dropping | • spray 2 g of naphthalene acid (20 ppm) and 1 kg of urea in 100 liters of water when fruits are Mung / sorghum grain sized. |
| | | Irrigation | • Apply Irrigation at 15 days of interval when the fruit is about size of pea. |
| | | Moisture conservation | • Do mulching around the mango trees to prevent soil from direct insolation, or grow green gram/ Cluster bean/ Sun-hamp around the trees to conserve the moisture. |
| | | Fruit dropping | • When the fruit is about the size of a pea, spray gibberellic acid @1 g /100 liters of water (10 ppm) (first dissolve gibberellic acid in 50 ml acetone or alcohol or sodium hydroxide and then in 100 liters of water) and spray with one kg of urea. |
| **Lime** | Fruiting | Citrus Canker<br> | • Apply four spray of Bordeaux mixture or copper-based fungicide in November, February, June and July for the control of the citrus canker. |
| **Ber** | Fruiting | Irrigation | • Apply 4 irrigation in ber from October to February, Apply last irrigation in 2nd Week of January. |
| **Groundnut Summer** | Pre-Sowing | Land Preparation and Variety Selection | • Summer Groundnut Grow well in 23 to 25 °C temperatures so the cold is a decreasing in January, Groundnut should be sown. Selecting early maturing vertical varieties for sowing so that harvesting and threshing operations can be completed before monsoon rains. GG-2, GG-5, GG-6, TAG-24, TG-26, TPG-41, TG-37A, ICGS-37 choose any one early maturing variety from these. The seeds need to be of good genetic quality, good germination and not to be impurity with other varieties. Use certified seeds if possible. |
| | | Spacing and Seed rate | • Spacing: 30 X 10 cm<br>• Seed rate: 120 to 130 kg/ha |
| | | Seed treatment | • Chemical: Tebuconazole or Thiram @ 3g/kg seed |

| | | | |
|---|---|---|---|
| | | | • Bio fungicide: Trichoderma @ 10 g/kg seed with Rhizobium and Phosphate culture |
| | | Fertilizer | • Apply after the soil testing.<br>• Apply 8 to 10 tonne FYM/ha + Castor cake @ 1 ton/ha<br>• Apply Sulphur @ 20 kg/ha if there is deficiency in soil<br>• Recommended fertilizer dose: 25-50-0 NPK kg/ha |
| **Mustard** | **Pod development** | Sawfly |   • Kill the caterpillars by hand by dipping them in kerosene water at the beginning of the infestation. Apply a spray of Neem oil 50 ml Or neem based pesticide 20 ml (1 EC) to 40 ml (0.15 EC) in 10 litres of water. However, if the infestation is not controlled then apply Spray of dimethoate 30 EC @ 10 ml or quinalphos 25 EC @ 20 ml in 10 litres of water. |
| | | White Rust | • at the beginning of the disease Apply a spray of Mancozeb 75 WP 27 gm in 10 litres of water twice at 15 days of interval. |
| | | Powdery mildew | • Apply spray of Sulphur 80 WP @ 25 g or hexaconazole 5 EC @ 5 ml in 10 litre of water in two splits after the initiation of the disease. |
| **Chickpea** | Pod development and grain filling | Pod borer | • Apply alternate spray of HaNPV 2 x 109 POBs/ml (5 ml/10 lit. water) and chlorantraniliprole 18.5 SC 0.004 % (2 ml/10 lit. water) for effective and economic control of pod borer (Helicoverpa armigera) in chickpea crop. First spray to be started at 50% flowering and second at 15 days after first spray. |
| | | Wilt and root rot | • The severity of the disease can be reduced by dissolve carbendazim 50 WP @ 10 gm in 10 liters of water and applying it in the soil around the infected plants. |
| | | Stunt virus |  • As the disease is spread through aphid, systemic insecticide like Methyl-O-dimeton @12 ml Or dimethoate @ 10 ml Mix in 10 liters of water and spray as required |
| **Wheat** | Crow root Initiation | Leaf blight and rust | • To control leaf blight and rust in wheat, at the beginning of the disease Apply a spray of Mancozeb 75 WP 27 gm in 10 litres of water twice at 15 days of interval. |
| | | Termite | • If a termite infestation is observed in the standing crop of wheat, immediately apply Fipronil 5 SC @ 1.6 litres |

| | | | |
|---|---|---|---|
| | | | or Chlorpyrifos 20 EC @ 1.5 litres with 100 kg of sand or soil per hectare. then lightly irrigate the crop. |
| **Corriender** | Germination to primary branches | Weeding and Interculturing | ● Two hand weeding and 2 to 3 interculturing operations are recommended, Or Apply pendimethaline 1.0 kg a.i or fluchloralin 0.9 kg a.i/ha as a pre-emergence if there is shortage of labour. |
| | | Powdey mildew | ● Apply spray of wettable sulphur 80% @ 25 g or Hexaconazole 5 EC @ 5 ml in 10 litre of water to control powdery mildew in coriander. |
| **Cumin** | Flowering and Vegetative | Irrigation | ● Apply light irrigation after sowing.<br>● Apply second irrigation 8 to 10 days after sowing since, germination of the crop at 11 to 12 days. |
| | | Weeding and Interculturing | ● Keep crop weed free by doing weedng at 25 to 30 and 50 to 60 days after sowing.<br>● If there is sowing of the crop is done by broadcasting method then apply Pendimethalin @ 1.0 kg a.i. in 500 to 600 liters of water as a pre-emergence for the weed control. |
| | | Aphids | ● Apply spray of systemic insecticide if there observed aphid attack. |
| | | Powdery Mildew | ● Apply spray of Propiconazole @ 10 ml/10 liter in water or Hexaconazole or Supher @ 15-20 kg/ha for control of powdery mildew. |
| | | Fusarium Wilt | ● Apply spray of Mancozeb 75 WP @25 g liter or Azoxystrobin 23 SC @ 10 ml or Propineb 70 WP @ 15 g or Propiconazole 25 EC @ 10 ml in 10 liter of water for the control of fusarium wilt. |
| **Garlic** | Vegetative Stage | Irrigations | ● Irrigation as required. Do not over-irrigate garlic to prevent leaf blight. |
| | | Thrips | ● Apply schedule spraying of Beauveria bassisana 1.15 WP (Min. 2x10^6 cfu/g), first spray at initiation of pest infestation 0.0035 % (30 g/10 l of water). Subsequent second 0.007 % (60 g/10 l of water) and third 0.009 % (80 g/10 l of water) spray at 10 days interval for effective and economical management of thrips, Thrips tabaci in garlic. |
| **Onion** | Bulb formation | Purple blotch, Collatotricum, and fusarium wilt | ● Seed should be sown on raised seedbed for seedling purpose.<br>● Cary out transplanting of onion, if seedling is ready.<br>● For the control of purple blotch blight and fusarium wilt disease in onion make 3 alternate sprays of Mancozeb |

| | | | |
|---|---|---|---|
| | | | 25 gm and Carbendazim 10 gm in 10 litres of water at 10 days interval. |
| **Brinjal & Tomato** | Fruit Development | Sucking pest | • For minimize population of whitefly, Spray 500 ml of 5 % neem seed extract or neem oil 50 ml or Difenthiuron 50 WP @ 16 gm / 10 lit of water. |
| | | Shoot & Fruit borer | • In brinjal and tomato crops, monitoring of borers by using pheromone traps 4-6 per acre is advised. For control of shoot and fruit borer in brinjal and tomato crops, infested fruits and shoots should be collected and buried into the soil. If insect population is above ETL then spraying of chlorantraniliprole18.5 % SC 3.0/10 litre of water is advised. |
| | | Mites | • If infestation of mite is observed in brinjal, then spraying of Ethion 50 EC 15 ml or Propargite 57 % EC @ 10 ml/ 10 litre of water. |
| | | Little leaf | • Apply Carbofuran 3g @ 1 kg a.i./ha around the plant by ring method due to the disease is transmitted through jassids. Also, apply a spray of dimethoate 30 EC @ 10 ml or thiamethoxam 25 WG @ 4 gm at 10 to 12 days of intervals. |
| **Livestock**  | | | • Sowing maize for the fodder purpose.<br>• Spray Deltamethrin or Amitraz 2 ml/litre of water for the control of tick. Carry out Brucella and other infectious& reproductive diseases evaluation. Spray phenyl in the animal shed to avoid flys and mosquitoes.<br>• For milch animals, regularly follow schedule of 1 kg feed + 50 g mineral mixture per 2 liters of milk yield. Feed animals with a mixture of green grass + hay + minerals + dry feed. |

**Subject Matter Specialist**
**Agrometeorology**